# ગુજરાત મેરીટાઈમ બોર્ડ

(ગુજરાત સરકાર)

સાગર ભવન | સેક્ટર ૧૦-એ | છ રોડ | એરફોર્સ સ્ટેશન સામે

ગાંધીનગર-૩૮૨૦૧૦ | ગુજરાત (ભારત)

ફોન : +૯૧-૭૯-૨૩૨૩૮૩૪૬-૪૭-૪૮-૫૧ | ફેક્સ : +૯૧-૭૯-૨૩૨૩૪૭૦૪

ઈ-મેલ : info@gmbports.in


ક્રમાંક:ગુમેબો/એમડી/વીટીએમએસ/જી.ઓ.કે./૨૦૧૯ /૬૪૬૪ તા. ૧૭-૦૯-૨૦૧૯

વંચાણે લીધુ:-

(૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર અને આતસ નોરકન્ટ્રોલ લિ. વચ્ચે થયેલ કન્શેશન એગ્રીમેન્ટ તા. ૩૦-૦૯-૨૦૦૭.

(૨) ગુજરાત સરકાર ગેઝેટ નોટીફિકેશન નં.જીએમબી/ટી/૧૨(૨૫)/૩૭-૩૮/૨૦૦૭/ ૧૬, તા. ૦૮-૦૮-૨૦૦૭

(૩) બંદર અને વાહન વ્યવહાર વિભાગ,ગુજરાત સરકાર, નવા સચિવાલય, ગાંધીનગરના મેમોરેન્ડમ ક્રમાંક:WKS-૧૦૨૦૧૯-૧૧૩-GH-૧, તા. ૧૨-૦૨-૨૦૧૯.

(૪) આરબીટ્રેશન ટ્રીબ્યુનલનો તા. ૦૭-૦૮-૨૦૧૯નો પ્રોસીઝનલ હુકમ

(૬) આરબીટ્રેશન ટ્રીબ્યુનલનો તા. ૦૧-૦૯-૨૦૧૯નો પ્રોસીઝનલ હુકમ નં.૬

ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર ધ્વારા "ગલ્ફ ઓફ ખંભાત" માં વીટીપીએમએસ સીસ્ટમ, "BOOT" કાર્યપધ્ધતિ અંતર્ગત સંચાલન માટે ઉપરોકત ક્રમ-(૧)માં વંચાણે લેવામાં આવેલ કન્શેશન એગ્રીમેન્ટથી આતસ નોરકન્ટ્રોલ લિ., અમદાવાદ સાથે તા.૩૦-૦૯-૨૦૦૭ થી કરાર કરવામાં આવેલ. તથા વંચાણ-(૨) હેઠળ ગુજરાત સરકારશ્રીના ગેઝેટ નોટિફિકેશનથી, તેની સાથે બિડેલ શીડયુલ-૧ માં જણાવેલ બંદરો તથા તેના ગ્રુપ, શેડયુલ-૨ માં નિયત થયા મુજબ નિર્ધારીત કરવામાં આવેલ "વીટીએસ" ફી ના દરો મુજબ "વીટીપીએમએસ ફી" આતસ નોરકન્ટ્રો લિ., અમદાવાદ ધ્વારા વસુલાત કરવામાં આવે છે. આતસ નોરકન્ટ્રોલ લિ., અમદાવાદ ધ્વારા કોર્મશીયલ કોર્ટ, અમદાવાદમાં કેસ નંબર:સી.એમ.એ./૯૩-૨૦૧૮થી બોર્ડ વિરૂધ્ધ કેસ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં સદર બાબત એગ્રીમેન્ટની જોગવાઈ અનુસાર આરબીટ્રેશનમાં હોય તથા હાલના તા.૦૭-૦૮-૨૦૧૯નો હુકમ અને તા.૦૧-૦૯-૨૦૧૯ના રોજના પ્રોસીઝનલ હુકમ નં. ૬ માં દર્શાવેલ વિગતવાર આદેશ અનુસાર તા.૦૮-૦૮-૨૦૧૯ થી ગલ્ફ ઓફ ખંભાતમાં આતસ નોરકન્ટ્રોલ લિ. ધ્વારા જે વીટીએમએસ ફી

વસુલાવામાં આવે છે તે ફી IDFC FIRST BANK ના ESCROW એકાઉન્ટમાં જમા કરવાની થાય છે. આમ સદરહુ હુકમનું પાલન કરવા માટે નીચે મુજબનો દફતરી હુકમ કરવામાં આવે છે.

**-: દ ફ ત રી હુ ક મ :-**

(૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડના ગલ્ફ ઓફ ખંભાતમાં આવેલ સબંધિત બંદર અધિકારીશ્રીઓને (મગદલ્લા, દહેજ, ભરૂચ, જાફરાબાદ, અલંગ, ભાવનગર ગ્રુપ ઓફ પોર્ટ) આરબીટ્રેશનના તા.૦૧-૦૯-૨૦૧૯ના હુકમ મુજબ વીટીએમએસ ફીના નાણાં નીચે દર્શાવેલ IDFC FIRST BANK ના ESCROW એકાઉન્ટમાં જમા કરાવવા માટે દરેક બંદર વપરાશકારકને જણાવવાનું રહેશે તથા સદર આદેશનું ચુસ્તપણે પાલન થાય તે માટે સ્થાનિક કક્ષાએથી વ્યવસ્થા કરવાની રહેશે તથા તેમાં કોઈ ક્ષતિ ન રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ACCOUNT NO | : | 10019720093 |
| ACCOUNT NAME | : | AATASH NORCONTROL LIMITED-RECIVABLE SUB-ACCOUNT |
| BANK NAME | : | IDFC FIRST BANK |
| BRANCH ADDRESS | : | SUN SQUARE,OFF. C.G.ROAD,AHMEDABAD |
| BRANCH IFSC CODE | : | IDFB0040301 |

(૨) ગુજરાત મેરીટાઈમ બોર્ડના ગલ્ફ ઓફ ખંભાતના બંદર અધિકારીશ્રીઓએ જયારે પણ કોઈપણ બંદર વપરાશકારકને "એનડીસી" આપવામાં આવે ત્યારે વપરાશકારક પાસેથી વીટીએમએસના ચાર્જીસના બીલની નકલ તથા બંદર વપરાશકારક ધ્વારા ચુકવણી ઉપર દર્શાવેલ એકાઉન્ટમાં કરેલ હોય, તેનો પુરાવો રજુ કર્યા બાદ જ "એનડીસી" આપવાનું રહેશે.

(૩) બંદર અધિકારીશ્રીઓ ધ્વારા જે પણ વહાણો, ટગ, બાર્જીસની વીટીએમએસની વસુલાત પાત્ર થતી હોય અને વસુલાત ન કરેલ હોય, તેવા કિસ્સામાં તે બંદર વપરાશકારોને બીજી કોઈ પરમીશન આપવાની રહેશે નહી.

(૪) બંદર અધિકારીશ્રીઓ ધ્વારા કોઈપણ કિસ્સામાં વીટીએમએસ ફી લેવા પાત્ર થતી હોય પણ તેના બીલો બનવામાં આવેલ ન હોય, તેવુ ધ્યાને આવે તો બંદર અધિકારીશ્રી ધ્વારા વડી કચેરી સ્થિત મરીન શાખાનો સંપર્ક કરી તેમની સુચનાનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) ગલ્ફ ઓફ ખંભાતમાં જે તે બંદર કચેરીને લગતા વીટીએમએસ ફી ના બીલોનું મેળવણું વડી કચેરીમાં મરીન શાખાને આ સાથે બિડેલ પત્રકમાં દર અઠવાડીયે માહિતી મોકલવાની રહેશે તથા મરીન શાખા ધ્વારા દર અઠવાડીયે સદર માહિતીનું બેન્કમાં જમા થયેલ રકમ સાથે ક્રોસ વેરીફિકેશન કરવાનું રહેશે તથા જો આમા કોઈપણ જાતનો તફાવત આવે તો મરીન શાખા

ધ્વારા આતાશ નોરકન્ટ્રોલ લિ. સાથે પરામર્શ કરીને તેનો તાત્કાલિક નિકાલ કરવાનો રહેશે. મરીન શાખા ધ્વારા રીકન્સીલેશન કરેલ સ્ટેટમેન્ટ એકાઉન્ટ શાખાને મોકલવાનું રહેશે.

(૬) મરીન શાખા ધ્વારા વેરીફિકેશન કર્યાની વિગતો એકાઉન્ટ શાખાને મળ્યા બાદ આરબીટ્રેશનના હુકમ મુજબની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સબંધિત તમામ બંદર અધિકારીશ્રીઓ ધ્વારા ઉપરોકત બેન્ક એકાઉન્ટમાં પોતાના બંદરને લગતી જમા કરાવવામાં આવતી "વીટીપીએમએસ ફી" માટે સંલગ્ન તમામ રેકર્ડ/ વિગતો અલગથી નિભાવવાની રહેશે.

(૮) આ દફતરી હુકમથી આપવામાં આવેલ તમામ સૂચનાઓ તાત્કાલિક અસરથી ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા સદર બાબતમાં કાયદાકીય કાર્યવાહી ચાલતી હોવાથી કોર્ટના આદેશ અનુસાર કોઈપણ જોગવાઈઓનું પાલન કરવામાં વિસંગતતા ન થાય તે બાબતની કાળજી અચુકપણે રાખવાની રહેશે.

બિડાણઃ–ઉપર મુજબ

(મુકેશ કુમાર – આઈએએસ)
મુખ્ય કારોબારી અધિકારી અને
ઉપાધ્યક્ષ

**<u>નકલ સાદર રવાનાઃ</u>–**

- અધ્યક્ષશ્રી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર – જાણ સારૂ.
- અગ્ર સચિવશ્રી, બંદર અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગર – જાણ સારૂ.

**<u>નકલ રવાનાઃ</u>–**

- નાણાંકીય નિયંત્રક સહ મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગુ.મે.બો., ગાંધીનગર.
- ચીફ નોટીકલ ઓફિસરશ્રી, ગુ.મે.બો., ગાંધીનગર.
- જનરલ મેનેજરશ્રી, ગુ.મે.બો., ગાંધીનગર.

પ્રતિ,

- નાયબ નાણાકીય નિયંત્રક સહ મુખ્ય હિસાબી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર... અમલ સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- સર્વે બંદર અધિકારીશ્રી, ભાવનગર, અલંગ, મગદલ્લા, દહેજ, જાફરાબાદ...અમલ સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Statement sowing the details of the VTS Fees Collected in Gulf of Khambhat during the Month / Week of ________________,
(Name of Port: ____________________________)

| Invoice No | Date | Customer Name | Vessel Name | GRT | Rate Per GRT | Amount Without GST | GST Amount | Cheque No/ RTGS No | TDS Amount |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | | | |
| | | | | | Grand Total | | | | |

Signature of Port Officer (Name of Port)